**સરકારી કુમાર છાત્રાલય, ભાવનગર, જિ. ભાવનગરના નવિન મકાન બાંધકામ કરવા અંગેની સને ૨૦૨૪-૨૫ના અંદાજપત્રની નવી બાબતની વહીવટી મંજુરી રદ કરવા બાબત.**

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્ર. **TDD/CHTL/e-file/25/2023/1743/G**

સચિવાલય, ગાંધીનગર.

તા. ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધા:**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૧/૦૩/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: TDD/CHTL/e-file/25/2023/1743/G

(૨) કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરીનો તા.૨૦/૦૨/૨૦૨૫નો પત્ર ક્રમાંક: DOTD/PUR/e-file/242/2025/0237/Hostel

**આમુખ:**

આદિજાતિ વિકાસ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧)થી સરકારી કુમાર છાત્રાલય, ભાવનગર, જિ. ભાવનગરના નવિન મકાન બાંધકામ કરવા અંગે સને ૨૦૨૪-૨૫ના અંદાજપત્રની નવી બાબતને તા.૧૧/૦૩/૨૦૨૪ના ઠરાવથી વહીવટી મંજુરી આપવામાં આવી હતી. કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરી દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૨)થી આ છાત્રાલયના બાંધકામ માટે સરકારી પડતર જમીનની ઉપલબ્ધતા અભાવે ખર્ચ થઈ શકે તેમ ન હોઇ, આ વહીવટી મંજુરી રદ કરવા તેમજ આ છાત્રાલયના મકાન બાંધકામ કરવા અંગે વર્ષ: ૨૦૨૪-૨૫માં ફાળવેલ ગ્રાન્ટની રકમ પરત લેવા દરખાસ્ત કરેલ છે.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, સરકારી કુમાર છાત્રાલય, ભાવનગર, જિ. ભાવનગરના નવિન મકાન બાંધકામ કરવા અંગેની વર્ષ: ૨૦૨૪-૨૫ના અંદાજપત્રની નવી બાબતને તા.૧૧/૦૩/૨૦૨૪ના ઠરાવથી આપવામાં આવેલ વહીવટી મંજુરીને આથી રદ કરવામાં આવે છે.

વધુમાં, આ છાત્રાલયના મકાન બાંધકામ અંગે વર્ષ: ૨૦૨૪-૨૫માં ફાળવેલ ગ્રાન્ટની રકમ પરત કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૩/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જનક ભાલોડિયા)

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

Signature Not Verified
Signed by: Janak Bhalodiya
Section Officer
Date: 2025.04.07 16:50:28 +05:30

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આ.વિ.), કમિશનર (આ.વિ)ની કચેરી, બિરસામુંડા ભવન, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- મુખ્ય સ્થપતિ અધિકારીશ્રી (માર્ગ અને મકાન), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી (આ.વિ.વિ), સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- સર્વે મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, તમામ જિલ્લાઓ (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,આ.વિ.વિ ની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૫

Signature Not Verified
Signed by:Janak Bhalodiya
Section Officer
Date: 2025.04.07 16:50:28 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign